**અમદાવાદ (ગ્રામ્ય) ના મહે. પાંચમા એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ–મીરઝાપુર, અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૧૦૧૭૯/૨૦૧૯**
**આંક :–૮**

**ફરીયાદી :–** **શ્રી સરકાર**

**–:: વિરુધ્ધ ::–**

**આરોપીઓ:(૧) ઈન્ટરનેશનલ પેનાસિયા લિમિટેડ**
**(અસલાલી, અમદાવાદ ખાતેની વિક્રેતા કંપની )**
ક્રિશ્ના માર્કેટિંગ, બી–૨, બાલાજી એસ્ટેટ, એ.એમ.વે. બ્રિજ પાસે, અસલાલી બાયપાસ હાઈવે, અસલાલી, તા.દસ્ક્રોઈ, જી.અમદાવાદ.

**(૨) જયેશકુમાર શંકરલાલ જોશી**
**(વિક્રેતા કંપનીના જવાબદાર વ્યકિત)**
ક્રિશ્ના માર્કેટિંગ, બી–૨, બાલાજી એસ્ટેટ, એ.એમ.વે. બ્રિજ પાસે, અસલાલી બાયપાસ હાઈવે, અસલાલી, તા.દસ્ક્રોઈ, જી.અમદાવાદ.
રહે.એફ–૨૦૧, વંદેમાતરમ સીટી, વંદેમાતરમ ચાર રસ્તા પાસે, નવા એસ.જી.રોડ, ગોતા, દસ્ક્રોઈ, અમદાવાદ.

**(૩) ઈન્ટરનેશનલ પેનાસિયા લિમિટેડ**
**(ઉત્પાદક કંપની)**
એમ.ટુ.કે. કોર્પોરેટ પાર્ક, સેકટર–૫૧, એન–બ્લોક, ચોથો માળ, ગુરુગ્રામ, હરિયાણા.

**(૪) શ્રીનિવાસ માર્કંડેયા કોંગારા**
**(ઉત્પાદક કંપનીના જવાબદાર વ્યકિત)**
એમ.ટુ.કે. કોર્પોરેટ પાર્ક, સેકટર–૫૧, એન–બ્લોક, ચોથો માળ, ગુરુગ્રામ, હરિયાણા.
રહે.હાઉસ નં.૬–૯, સિધ્દીપેટ રોડ, સરકારી હોસ્પિટલની સામે, ધુલુમિત્તા, વૃંગલ, મદ્દૂર(એ.પી.).

**ગુન્હો:-** **જંતુનાશક દવા અધિનિયમ-૧૯૬૮ની કલમ: ૧૭(૧)(એ) તથા ૧૮(૧)(સી) તથા તેના ભંગ બદલ સદરહુ કાયદાની કલમ: ૨૯ મુજબ.**

## -:ચુ કા દો:-

**૧.** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ વિરુધ્ધ જંતુનાશક દવા અધિનિયમ -૧૯૬૮ ની કલમ:૧૭(૧)(એ) તથા ૧૮ (૧)(સી) તથા તેના ભંગ બદલ સદરહુ કાયદાની કલમ: ૨૯ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે.

**૨.** ફરીયાદીની ફરીયાદ અનુસંધાને આરોપીઓને સમન્સ કરતા તેની બજવણી થતા આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થતાં આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ મુજબ પોલીસ તપાસના પેપર્સની નકલો આપ્યાની ખાત્રી કરેલ છે. આરોપીએ તેની સામેના ગુના અંગે **આંક-5** થી કબુલાત પુરસીસ રજુ કરતા આરોપીઓની **આંક-6 થી 7** થી પ્લી રેકર્ડ કરતાં આરોપીઓએ તેની સામેનો ગુન્હો સ્વેચ્છીક રીતે કબુલ કરેલ છે.

**૩.** આરોપીઓની તર્ફેની ગુના કબુલાત પુરસીસ ધ્યાને લેતાં ગુના કબુલાત પુરસીસમાં જણાવેલ છે કે, આ તેઓનો પ્રથમ ગુનો છે, કુટુંબ કબીલા વાળા માણસ છે, તથા અજાણતા ગુનાહીત કૃત્ય થઈ ગયેલ છે તે બદલ ખુબ જ પસ્તાવો વ્યકત કરેલ છે જેથી ઓછી સજા કરવા વિનંતી કરેલ છે.

**૪.** આરોપીઓ સામે જંતુનાશક દવા અધીનીયમ ૧૯૬૮ ની ક. ૧૭ (૧)(એ) તથા ૧૮(૧)(સી) તથા તેના ભંગ બદલ સદરહુ કાયદાની કલમ: ૨૯

મુજબના ગુનાનું તહોમત છે. આરોપીઓએ ગુના કબુલાત પુરસીસમાં જણાવેલ હકીકત, આરોપીઓ સામેના ગુન્હાનો પ્રકાર તેમજ સદરહું ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈ વિગેરે હકીકત ધ્યાને લેતાં આરોપીઓને સુધરવાની તક આપવામાં આવે અને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– હુ ક મ –**

૧) આ કામના દરેક આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૨ અન્વયે જંતુનાશક દવા અધીનીયમ 1968 ની ક.૨૯ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીએ રૂપિયા ૧૫, ૦૦૦/– ( અંકે રૂપિયા પંદર હજાર પુરા) નો દંડ, ભરવાનો હુકમ કરવામા આવે છે.(કુલ રૂ.૬૦,૦૦૦) દંડ ભરવો. જો આરોપીઓ દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન-૧૫(પંદર) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૨) મુદામાલનો નીયમ મુજબ નાશ કરવો.

આ હુકમ આજરોજ તા ૧૨ મી માહે નવેમ્બર સને ૨૦૨૨ ના રોજ સ્પેશ્યલ સીટીંગ માં જાહેર કર્યો.

(આર. સી. સોઢાપરમાર)
પમાં એડિશનલ ચીફ જયુડી. મેજી. ફ.ક.
અમદાવાદ (રુરલ) અમદાવાદ
સ્પેશિયલ સીટીંગ મેજિસ્ટ્રેટ.

તા. ૧૨/૧૧/૨૦૨૨
અમદાવાદ